
# રેવડીનો લાડવો

**ચડસાચડસી કરનારાની જાય મૂંડાઈ મૂંછજી,**
**આડુંઅવળું જે કૂદે તે વાનરની તો કપાય પૂંછજી.**

ગામમાં ભવાઈની મંડળી આવી. રાતે ભવાઈનો ખેલ થયો. દલાશેઠ ભવાઈ જોવા આવ્યા. મોજથી બેઠા. સામે બેઠા ફુસકી મિયાં અને તભા ભટ.

ભવાઈના ખેલમાં ડાગલાનો વેશ મઝાનો આવે. ડાગલો એટલે રંગલો. બધાને હસાવે. એવી એવી વાત કહે કે બધા હસે. ડાગલાનો વેશ દલાશેઠને ઘણો ગમ્યો. પહેલી જ વાર ગજવામાંથી પાંચ રૂપિયાની નોટ કાઢી. કોઈ જાણે નહીં એમ ડાગલાના હાથમાં આપી દીધી. ડાગલો ઘણો રાજી થયો. દલાશેઠની વાહવાહ બોલાવવા જતો હતો કે દલાશેઠે ધીમેથી કહ્યું : “ચૂપ રહેજો.”




ડાગલો કહે : “કાં? પાંચ રૂપિયા તમે અમને આપ્યા છે તો અમે તમારા નામની જે બોલાવીએ.”

દલાશેઠ કહે : “ના, જે-બે નથી બોલાવવી, પણ એક કામ કરો. સામે પેલા ફુસકી મિયાં બેઠા છે તેમની ખરેખરી મશ્કરી કરો.”

ડાગલો કહે : “કરીએ.”

દલાશેઠ કહે : “પાજીને ખરેખરો બનાવો. મઝા આવી જાય તો બીજા પાંચ રૂપિયા આપું.”



ડાગલો કહે : “શેઠજી, એ કામ મારું. જોઈ લેજો મઝા. એવો બનાવું કે તેની રેવડી થઈ જાય.”

દલાશેઠ કહે : "તો કરો કામ."

ડાગલાએ તો કૂદકો માર્યો.

ફુસકી મિયાં સામે એકીટશે જોઈ રહ્યો. માથું હલાવતો ગયો અને બોલ્યો : "એ ભાઈ નાયકો!"

ભવાઈ કરનારા બધા નાયક કહેવાય.

ઢોલ વગાડનાર નાયકે ઢોલક પર તાલ દીધો અને બોલ્યો : "હો ભાઈ ડાગલા..."


ડાગલો બોલ્યો : "કોઈની બકરી અહીં આવી હતી?"

ઢોલકવાળો કહે : "ના ભાઈ ના."

ડાગલો બોલ્યો : "ના કેમ? હા કહો."

ઢોલકવાળો કહે : "ડાગલાજી, અહીં શું ચરવાનું હોય કે બકરી ચરવા આવે?"

ડાગલાએ ફેરફુદરડી ફરીને કૂદકો માર્યો. ફુસકી મિયાંની દાઢી પર હાથ મૂક્યો અને બોલ્યો : "ઓ જૂઠા ઢોલકવાળા! તું કયા મૂરખા નાયકનો દીકરો છે? બકરી અહીં નક્કી આવેલી અને આ મિયાંની દાઢી



ચરી ગઈ. જો, જો, જો, બે-ચાર વાળ જ બાકી રહેવા દીધા છે. કમબખ્ત બકરી...”

આમ બોલીને ડાગલાએ ફુસકી મિયાંની દાઢી પંપાળી. ફુસકી મિયાં ખરેખરા ચિડાયા, પણ જોનારા બધા ખડખડાટ હસી પડ્યા. એમાં દલાશેઠ તો તાળી પર તાળી પાડીને હસ્યા.

ફુસકી મિયાંએ દલાશેઠ સામે જોયું. એટલે તો ખી ખી ખી, ખીહીહીહીહી કરતા ફરી હસ્યા. ફુસકી મિયાંને રીસ ચડી ગઈ અને દાંત કટકટાવ્યા.

તભા ભટ બોલ્યા : “ચિડાશો નહીં. આ તો ભવાઈનો ખેલ છે. ડાગલો તો બધાની મશ્કરી કરે. એમાં ચિડાઈએ નહીં.”

ફુસકી મિયાં બોલ્યા : “ના ચિડાઈએ? શું અમારી દાઢી બકરી ચરી ગઈ છે?”


ડાગલો બોલી ઊઠ્યો : “ઓ ભાઈ નાયકો!”

ઢોલકવાળો કહે : “હા હા હા, ભાઈ ડાગલાજી! શું છે તે આટલી બધી બૂમો પાડો છો?”

ડાગલો બોલો : “હરામનું ખાય તેને બમણી કમાણી અને સચ્ચાઈથી કમાય તેને માથે જૂતાં.”

ઢોલકવાળો બોલ્યો : “તો તમે શાની કમાણી કરી?”

ડાગલો કહે : “અમે નથી કરી. આ મિયાંસાહેબે કરી હશે. એથી ઊલટી કમાણી કદાચ અમે કરી હશે. ઊલટી એટલે અવળી.”



ઢોલકવાળો કહે : “અવળી કમાણી કેમ?”

ડાગલો કહે : “એ મિયાંસાહેબ પોતે કહેશે.”

ઢોલકવાળો કહે : “મિયાંસાહેબ નહીં કહે તો તમારે કહેવી પડશે. મિયાંસાહેબ બોલતા નથી. તેમણે સચ્ચાઈથી કમાણી કરી હશે તો?”


ડાગલો કહે : “તો અમે જૂઠી અને હરામની કમાણી કરી હશે.”

ઢોલકવાળો બોલ્યો : “અને મિયાંસાહેબે હરામની કમાણી કરી હશે તો? હરામની એટલે મફતની.”

ડાગલો કહે : “તો અમે સચ્ચાઈથી કમાણી કરી હશે.”

ઢોલકવાળો કહે : “તો મિયાંસાહેબે કેવી કમાણી કરી હશે એ હવે કહો.”

ડાગલો બે-ચાર ફેરા ફરીને કૂદકા મારતો ફુસકી મિયાં સામે ખડો થઈ ગયો. ફુસકી મિયાંને એવી રીસ ચડી કે અવળું જોઈ ગયા.



ડાગલો હસીને બોલ્યો : “ઓ ભાઈ નાયકો!”

ઢોલવાળો તાલ દઈને બોલ્યો : “બોલો ડાગલાજી!”

ડાગલો કહે : “અવળું કોણ જુએ?”

ઢોલકવાળો કહે : “જેણે ખોટું કામ કર્યું હોય તે.”

ડાગલો કહે : “મોઢું કોણ સંતાડે?”

ઢોલકવાળો કહે : “તમે જ કહો.”

ડાગલો કહે : “જેણે હરામની કમાણી કરી હોય તે મોઢું સંતાડે. જુઓ મિયાંજી સામે!”

આમ કહીને ડાગલો નીચો નમી ગયો. મોઢું મચકોડતો ફુસકી મિયાં સામે જોવા માંડ્યો. ફુસકી મિયાં વધારે મોઢું ફેરવી ગયા. એટલે તો લોકો હસી પડ્યા અને દલાશેઠના આનંદનો પાર રહ્યો નહીં. તાલીઓ પર તાલી પાડવા માંડ્યા.

ફુસકી મિયાંને ખરેખરી રીસ ચડી ગઈ. ઝટ દઈને ઊભા થઈ ગયા. છણકો કરતા ચિડાઈને ઊભા એટલે તો દલાશેઠે તાળીઓ વગાડી.


ડાગલો બોલી ઊઠ્યો : "ઓ ભાઈ નાયકો!"

ઢોલકવાળો કહે : "કહો ડાગલાજી!"

ડાગલો કહે : "ચિડાય કોણ?"

ઢોલકવાળો કહે : "તમે જ કહો."

ડાગલો કહે : "નમાલા હોય તે ડાયરામાં ચિડાય. ગજવામાં પાઈ-પૈસો ના હોય તે ભવાઈ જોઈને ચિડાય. જેની દાઢી બકરી ચરી ગઈ હોય તે છણકો કરીને ચિડાય. ચિડાય તો ઠીક પણ પાછા ઊભા થઈ જાય."



આહાહાહા! મઝા આવી ગઈ. દલાશેઠ પલાંઠી વાળીને બેઠેલા, પણ ગોઠણ ઊંચા કરીને કરીને હસ્યા. ફુસકી મિયાં બમણા ચિડાયા અને ચાર ગણા વેગથી હોઠ દબાવીને આંખના ડોળા ચમકાવતા ઘરે જવા ચાલતા થયા. ઢોલકવાળાએ બમણા જોરથી ઢોલક વગાડી દીધું. દલાશેઠને ઘણો આનંદ થયો. તભા ભટનેય મનમાં રીસ ચડી. વહેલા વહેલા ઊઠ્યા અને ફુસકી મિયાં પાછળ ઘરે ગયા.

ફુસકી મિયાંને શિખામણ આપી : "રહ્યા ને એવા ને એવા? અમે સમજાવ્યા હતા કે આ તો ભવાઈ છે. ડાગલો મશ્કરી કરે. એમાં ચિડાવાનું હોય નહીં."

મિયાં ફુસકી બોલ્યા : "ભલે ને ડાગલો મશ્કરીઓ કરતો, પણ પેલો દલાશેઠનો બચ્ચો ગોઠણ ઊંચા કરી કરીને શીદ હસતો હતો?"

ભટજી બોલ્યા : "એ તમારી બેવકૂફી ઉપર."

મિયાં બોલ્યા : "તો હવે અમે બેવકૂફીની બરફી બનાવી દઈશું. તે અમને હસ્યા છે તો અમે તેમને હસીશું."